# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

ब्राह्मणोऽस्य मुखमासित्

રજી. નં. A/3352, અમદાવાદ

## શરદોત્સવ - ૨૦૨૩



**Shardotsav 2023 Youtube Video link**

Enjoy this video like the video and subscribe the Youtube channel of "Samast Shreegaud Samaj Gujarat)

"જાગો, ઊઠો, વિરમો નહિ, સાધો આશય ના જ્યાં સુધી"
સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત. રજી. નં. A/3352, Ahmedabad

# શ્રીગૌડ જાગૃતિ
## મુખપત્ર

પ્રકાશક અને પ્રમુખ : શ્રી કમલેશ એસ. પાઠક, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.
ફેબ્રુઆરી થી ડિસેમ્બર ૨૦૨૩ | www.sssgujarat.org

**મંત્રી**
**શ્રી યોગેશ શુક્લ**
મો. ૯૮૨૪૦ ૫૮૭૯૯

**ખજાનચી**
**શ્રી પ્રવિણ પુરોહિત**
મો. ૯૮૨૪૩૫૮૨૯૭

**સંપાદક**
**શ્રી રાજેશ પંડ્યા**
મો. ૯૯૯૮૭ ૧૬૫૭૭

**કાર્યકારી તંત્રી**
**શ્રી જયંતભાઈ જોશી**
મો. ૯૬૦૧૯૯૫૫૬૭

**તંત્રી મંડળ**
ડૉ. હેતલ શુક્લ
શ્રી ધ્રુવ શુક્લ
શ્રી રાજેશ પંડ્યા (રાજ)
શ્રી કૃતાર્થ જોષી
શ્રી પાર્થ પાઠક

વ્હાલા જ્ઞાતિબંધુઓ,

જય મહાલક્ષ્મી.

આપ સર્વેને અંગ્રેજી નવું વર્ષ ૨૦૨૪ની શુભકામનાઓ.

વર્ષ ૨૦૨૩ માં આપણે સર્વે જ્ઞાતિબંધુઓ કોરોનાની મહાજાળમાં છૂટકારો પામી આપણા જીવનને પ્રગતિના પંથે લઈ જવામાં પુનઃ કાર્યરત થઇ ગયા, સાથે–સાથે આપણે સમાજને પણ મદદરૂપ થઈ આપણા શ્રીબંધુને પણ પ્રગતિના પંથે લઇ જઇએ તેવી અપેક્ષા.

આપણા પૂર્વ પ્રમુખ અને તંત્રી શ્રી પ્રિ.ડૉ. બંસીધર ઉપાધ્યાય પણ આપણેને છોડી મહાલક્ષ્મી માતાજીના ચરણોમાં પ્રસ્થાન કર્યું. અચાનક તેમના જવાથી આપણા મુખપત્ર શ્રીગૌડ જાગૃતિના કાર્યકારી તંત્રી તરીકેની જવાબદારી મારા શીરે આવી. શ્રીગૌડ જાગૃતિ દ્વારા સમાજમાં થતી નવા–જુની, શ્રીબંધુ સુધી પહોંચે તેવો નમ્ર પ્રયાસ છે. કાર્યકારી તંત્રી તરીકે આ મારો પ્રથમ પ્રયાસ હોવાથી શક્ય છે કે કંઈ ભૂલચૂક રહી ગયેલ હોય તો તે તરફ મારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે. શ્રીગૌડ જાગૃતિના સુચારુ સંચાલન માટે તેમજ આર્થિક રીતે મદદરૂપ થવાય તે માટે થઈ તેમાં જન્મદિવસ શુભકામનાઓ, શ્રદ્ધાંજલિ, ધંધાકીય જાહેરાત કે અન્ય રીતે મદદરૂપ થઈ શકો છો. તેમાં સમાજને પ્રેરણા મળે તેવા લેખ પણ મોકલી શકો છો. આપણા વિસ્તારમાં થયેલ અવસાનની જાણકારી પણ મોકલી શકો છો જે આપણે પ્રસિદ્ધ કરીએ જેથી સર્વે શ્રીબંધુને તેની જાણકારી મળી શકે. આવો શ્રીબંધુઓ આપણે સહુ ભેગા મળી સમાજને પ્રગતિના પંથે લઈ જવા પ્રયાસ કરી સફળતા મેળવીએ.

– જયંતભાઈ જોશી

આપને ત્યાં સારા-નરસા પ્રસંગે જાગૃતિને દાન આપો અને અપાવો. વિગતો નીચે મુજબ છે.

**ખાસ નોંધ : બેંકની વિગત નોંધી લેશો.**
એકાઉન્ટ નામ : સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.
એકાઉન્ટ નંબર : ૩૦૧૨૧૯૮૩૯૦૯૨
બેંક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બ્રાંચ : પ્રગતિનગર (૦૮૦૫૩)
**IFS Code : SBIN0008053**

E-mail - shreegaudjagruti2019@gmail.com
Website - https://samastshreegaudsamajgujarat.org
Facebook- https://www.facebook.com/samastshreegaudsamaj/
**Contact No. : 8799163969**

# દ્વિતીય શરદોત્સવ મહોત્સવનો અહેવાલ

- શ્રી યોગેશ શુક્લ (મંત્રી)

સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત દ્વારા ગત વર્ષે પ્રથમ શરદોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું તે મુજબ આ વર્ષે પણ ગરબાની રમઝટ સાથે બીજા શરદોત્સવનુ આયોજન કરવામા આવેલ છે. "શ્રી" પરિવારો પરસ્પર મળે, એકબીજાનો પરિચય કેળવે, યુવાઓને પ્રોત્સાહન મળે અને તેમની ટેલેન્ટ બહાર આવે તેવા કાર્યક્રમોના આયોજન અંતર્ગત સમસ્ત શ્રીગૌડ સમાજ – ગુજરાત દ્વારા તારીખ ૨૯ ઓક્ટોબર ૨૦૨૩ ને રવિવારના રોજ ગત વર્ષની જેમ ગરબાની રમઝટ સાથે બીજા શરદોત્સવ મહોત્સવની સરદાર પટેલ સેવા સમિતિ, અમદાવાદ ખાતે ઉજવણી કરવામાં આવી હતી. તેમાં અતિથી વિશેષ પદે ખ્યાતિ પ્રાપ્ત યુરોલોજિસ્ટ શ્રી બંધુ ડો. કેતન શુક્લ અને ગાયનેકોલોજિસ્ટ ડો. રિદ્ધિબેન શુકલ (આરોગ્યમ હોસ્પિટલ -અમદાવાદ) અને શ્રી હેમંતભાઈ જોષી ઉપસ્થિત રહ્યા હતાં. યોજાયેલ શરદોત્સવ — ગરબા ના પ્રોગ્રામ માં મોટી સંખ્યામાં શ્રી બંધુઓએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં વડીલો, યુવા ભાઈઓ બહેનો, નાના બાળકોએ ટ્રેડિશનલ ડ્રેસ સાથે મોટી સંખ્યામાં હર્ષ ઉલ્લાસથી ભાગ લીધો હતો. શ્રી બંધુઓએ અભૂતપૂર્વ ઉત્સાહ સાથે યથાયોગ્ય આર્થિક યોગદાન આપી અને ગરબાના કાર્યક્રમમાં સહયોગ આપી કાર્યક્રમને સફળ બનાવ્યો તે બદલ સૌ શ્રી બંધુઓનો ખુબ ખુબ આભાર. આ કાર્યક્રમમાં જુદી જુદી કેટેગરી પ્રમાણે ગરબાની વ્યક્તિગત હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું અને સમાજ તરફથી ગરબે ઘૂમનાર વિજેતા ભાઈઓ બહેનો અને નાનાં બાળકોને ઈનામ આપવામાં આવ્યાં હતાં. ભુદેવ નેટવર્કના સંચાલક શ્રી વિપુલભાઈ પંડ્યાએ પણ ગરબાના વિજેતાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા. બ્રહ્મ સમાજ ની બહેનોએ જજ તરીકે સેવા આપી હતી. સરદાર પટેલ સેવા સમિતિમાં સેવા આપતા આપણા શ્રીબંધુ શ્રી જંયતભાઈ શુક્લએ આ કાર્યક્રમનું ડેકોરેશન, ડી.જે. સહિતની સઘળી વ્યવસ્થા સંભાળી હતી. સ્વરૂચિ ભોજનની વ્યવસ્થાની જવાબદારી શ્રી મયંકભાઈ શુક્લ એ સંભાળી હતી અને સરસ રીતે પૂર્ણ કરી હતી. આ માટે તેઓ બંનેનો ખૂબ આભાર માનવામાં આવે છે. આ કાર્યક્રમનું યુટયુબ ઉપર લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. યુટયુબ ઉપર લાઈવ પ્રસારણ કરવાથી મોટી સંખ્યામાં શ્રીબંધુઓએ વર્ચ્યુલ હાજર રહી શરદોત્સવનો કાર્યક્રમ રાસ-ગરબાની રમઝટ માણી હતી. આ સઘળી જવાબદારી શ્રી હેતલભાઈ શુક્લ, શ્રી સૌરભભાઈ દવે અને શ્રી દિગીશભાઈ દવે સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. તેમજ યુવા કાર્યકર્તા શ્રી પાર્થ પાઠક એ મિડિયામાં સમાચારરૂપે આપવા વ્યવસ્થા કરેલ હતી. આ કાર્યક્રમનું સંચાલન પ્રો. હાર્દિક શુક્લ દ્વારા સરસ રીતે કરવામાં આવ્યું હતું. ગરબાના કાર્યક્રમમાં સહયોગ આપી કાર્યક્રમને સફળ બનાવ્યો તે બદલ સૌ શ્રી બંધુઓનો, કાર્યક્રમના સફળ આયોજન માટે કાર્યક્રમના કન્વીનર શ્રી જિજ્ઞેશ પંડિત, સુશ્રી પારૂલબેન દવે અને તેમની સમગ્ર ટીમને પ્રમુખશ્રી કમલેશભાઈ પાઠક અને મંત્રીશ્રી યોગેશ શુક્લએ બિરદાવી હતી અને અભિનંદન આપ્યાં હતાં. અદભુત ટીમ વર્ક સાથે ગરબા નો પ્રોગ્રામ ખુબ સરસ અને આનંદ ઉત્સાહમાં સંપન્ન થયો હતો

## દ્વિતીય શરદોત્સવ મહોત્સવની લાક્ષણિક તસ્વીરો











# દ્વિતીય શરદોત્સવ મહોત્સવની લાક્ષણિક તસ્વીરો

















## સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત
## શરદોત્સવ ગરબા ૨૦૨૩ (તા.૨૯–૧૦–૨૦૨૩)
## ના દાતાશ્રીઓ...

| ક્રમ | ભેટ આવક | રૂ. | ક્રમ | ભેટ આવક | રૂ. |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી કમલેશભાઈ એસ. પાઠક | ૨૧,૦૦૦=૦૦ | ૧૯ | શ્રી સ્મિતલ પંડીત | ૨,૧૦૦=૦૦ |
| ૨ | શ્રી હેમંતભાઈ વી. જોષી | ૨૫,૦૦૦=૦૦ | ૨૦ | રીમા નિરવ દવે | ૨,૧૦૦=૦૦ |
| ૩ | શ્રી ડૉ. કેતનભાઈ શુક્લ | ૧૧,૦૦૦=૦૦ | ૨૧ | શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ | ૧,૫૦૦=૦૦ |
| ૪ | શ્રી નિલેશ શુક્લ | ૧૦,૦૦૦=૦૦ | ૨૨ | શ્રી અતુલભાઈ ભટ્ટ | ૧,૫૦૦=૦૦ |
| ૫ | શ્રી કૌશીકભાઈ પાઠક | ૭,૫૦૦=૦૦ | ૨૩ | શ્રી નવકાર ઓપ્ટીક્સ | ૧,૧૦૦=૦૦ |
| ૬ | શ્રી પ્રશાંતભાઈ પાઠક | ૫,૧૦૦=૦૦ | ૨૪ | શ્રી આલ્ફા બુક કું. | ૧,૧૦૦=૦૦ |
| ૭ | શ્રી જયંતભાઈ શુક્લ | ૫,૧૦૦=૦૦ | ૨૫ | શ્રી પંકજભાઈ શુક્લ | ૧,૧૦૦=૦૦ |
| ૮ | શ્રી મીહીરભાઈ પંડ્યા | ૫,૦૦૦=૦૦ | ૨૬ | શ્રી વિધિ ફાર્મસી | ૧,૧૦૦=૦૦ |
| ૯ | શ્રી શંકર આયુર્વેદીક ફાર્મસી | ૫,૦૦૦=૦૦ | ૨૭ | ચૌલા પંડ્યા | ૧,૧૦૦=૦૦ |
| ૧૦ | ડૉ. કોકીલ દવે | ૪,૨૦૦=૦૦ | ૨૮ | મીનળબેન રાજેશભાઈ શુક્લ | ૧,૧૦૦=૦૦ |
| ૧૧ | શ્રી કલ્પેશભાઈ પાઠક | ૨,૧૦૦=૦૦ | ૨૯ | શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ | ૧,૧૦૦=૦૦ |
| ૧૨ | શ્રી હિમેશ ચંદ્રવદન શુક્લ | ૨,૧૦૦=૦૦ | ૩૦ | શ્રી જીગ્નેશ પંડીત | ૧,૧૦૦=૦૦ |
| ૧૩ | કુ. વનશ્રી યોગેશભાઈ શુક્લ | ૨,૧૦૦=૦૦ | ૩૧ | ઉમેશ કે. પાઠક | ૧,૦૦૦=૦૦ |
| ૧૪ | શ્રી કેયુરભાઈ શાસ્ત્રી | ૨,૧૦૦=૦૦ | ૩૨ | શ્રી ગોપાલ નટવરલાલ શુક્લ | ૫૦૧=૦૦ |
| ૧૫ | શ્રી મયુરભાઈ શુક્લ | ૨,૧૦૦=૦૦ | ૩૩ | શ્રી મુકેશભાઈ શાસ્ત્રી | ૫૦૦=૦૦ |
| ૧૬ | શ્રી વનીતાવૃંદ પ્રગતિ મંડળ | ૨,૧૦૦=૦૦ | ૩૪ | શ્રી દેવાંકી પુષ્કીન શુક્લ | ૫૦૦=૦૦ |
| ૧૭ | ભાવેશા હિરક પંડ્યા | ૨,૧૦૦=૦૦ | ૩૫ | શ્રી રમેશભાઈ શુક્લ | ૫૦૦=૦૦ |
| ૧૮ | શ્રી અલ્પેશ ઉપાધ્યાય | ૨,૧૦૦=૦૦ | ૩૬ | શ્રી વિપુલભાઈ દવે | ૫૦૧=૦૦ |

# કેરિયર ગાઈડન્સ સેમિનાર-૨૦૨૩

**-ડૉ. હેતલ શુક્લ, શ્રી દિગીશ દવે**

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત દ્વારા તા.30 એપ્રિલ 2023 ના રોજ કેરિયર ગાઈડન્સ સેમિનાર નું ઓન લાઈન તેમજ / સમસ્ત શ્રીગૌડ સમાજ ના કાર્યાલય પર ઓફ લાઈન આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં 100 જેટલા વિદ્યાર્થી ભાઈ બહેનો અને તેમના વાલીઓ એ ભાગ લીધો હતો. આ સેમિનાર માં વિદ્યાર્થી ના રસ, રુચિ અને અભિગમને કેવી રીતે જાણી અને આગળ વધી શકાય તે અંગે વધુ ફોક્સ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન શ્રી કૃતાર્થભાઈ જોશી, શ્રી હાર્દિકભાઈ શુક્લ, શ્રી દિગીશભાઈ દવે અને શ્રી હેતલભાઈ શુક્લ એ કારકિદી ઘડતર અને વિવિધ શૈક્ષણિક શિષ્યવૃત્તિઓ અને સરકાર શ્રી તરફથી જે પણ યોજના છે તેની વિસ્તૃત માહિતી આપવા માં આવી હતી.વધુમાં યોગ ક્ષેત્રે કારકિદી બનાવવા ની માહિતી સમાજ ના પૂર્વ પ્રમુખશ્રી અને લકુલીશ યોગ વિદ્યાપીઠ ના કુલપતિ શ્રી ડો. બંસીધર ઉપાધ્યાય દ્વારા પણ માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ સેમિનાર ની ઑનલાઈન લિંક Samast Shreegaud Samaj Gujarat ની *YouTube ચેનલ પર ઉપલબ્ધ છે. કારકિદી માર્ગદર્શન - YOU TUBE LINK   કૃપા કરીને આ સેમિનારની લિંક એવા તમામ વિદ્યાથીઓ સાથે શેર કરો જેમને તેનાથી ફાયદો થઈ શકે.

સમાજ ના કાર્યાલય પર કાર્યક્રમ ને અંતે ઉપસ્થિત વિદ્યાથીઓ વાલીઓ અને આયોજકો ભોજન લઈ છૂટા પડયા હતા.











# સ્મરણાંજલિ



કૃષ્ણને બિરજમેં રાસ રચાયા,
આપને હમકો બંસી સુનાયા
એકને ગ્વાલ કો ગલે લગાયા,
આપને સબકો સાથ ચલાયા,
જ્ઞાતિ, જાતિકા ભેદ ન પાયા,
પર ઉપકારકો મંત્ર બનાયા,
કોઠમ્બા ઔર કાશી ગજાયા,
વેદ, મંત્ર ઔર સ્તુતિ સુનાયા,
તેજ જ્ઞાન કા, મુખ પર આયા,
રંગ તામ્ર કર્મ યોગ કી છાયા,
વિપત સમય ના દેખકે ભાગા,
ધન વૈભવ કો પલમે ત્યાગા,
શ્વાસ કભી ના સ્વાર્થસે લીન્હા
જગ કો ના નિજ દર્દ બતાયા,
કંટક પથ પર રાહ બનાયા,
યોગ માર્ગ કા દીપ જલાયા,
દુર્ગમ કાજ સરલ સબ લાગા
બંસીધર જો સાથ મેં પાયા,
દેહ દાનસે દધિચ દિખાયા,
સંસાર છોડ, અમર પદ પાયા.

નંદ તનય, મંગલ કરન નિર્મળ બંસી રૂપ,
વૈકુંઠ વાસી બન ગયે આશિષ દેકર ખૂબ.

રચયિતા – કવિ ધ્રુવ જોશી

# શ્રી મહાલક્ષ્મી માતાજી-ખેડાનો ઈતિહાસ

પ્રસ્તુતકર્તા અને લેખક :- શ્રી હરેશભાઈ નટવરલાલ પંડ્યા

નડિયાદ - ખેડા.

પૌરાણિક માહાત્મ્ય ધરાવતી વેત્રવતી અને શેઢી નદીના સંગમસ્થાને બિરાજમાન થયેલ સ્વયંભૂ પ્રગટ શિવ તીર્થ સોમનાથ મહાદેવના અતિ પ્રાચીન સ્થાનકે ખેટકપુર નગરના એક ભૂદેવ શિવ સ્મરણ કરતાં કરતાં જઇ રહ્યાં છે. ભાલે ચંદનનું ત્રિપુંડ છે. ગળામાં રૂદ્રાક્ષની માળા ધારણ કરેલી છે. પગમાં ચાખડી છે. ચાલતી વેળા ચાખડીનો ખટ ખટ એવો મધુર ધ્વની વાતાવરણમાં ગુંજી રહ્યો છે. હાથમાં ફૂલદાની છે જેમાં ઋતુ અનુસાર ઉત્પન્ન થતાં રંગબેરંગી પુષ્પો જણાય છે. વાતાવરણમાં નીરવ શાંતિ છે. બ્રહ્મમુર્હુતની વેળા ચાલી રહી છે. આકાશગંગામાંથી તારક મંડલ પોતાનું સૌમ્ય તેજ ચોતરફ રેલાવી રહ્યું છે.તેના તેજના પ્રકાશમાં આ તપસ્વી ભૂદેવ સોમનાથ દાદાના મંદિરે જઈ રહ્યાં છે.

સોમનાથ મહાદેવના વિશાળ પ્રાંગણમાં આવેલ ગોરા દેસાઇના કૂવા પાસે આવી ભૂદેવ ઘડીક થોભ્યા. દોરડાના છેડે ગાગર બાંધી કૂવામાંથી પાણી કાઢી શિવજીની સ્નાન પૂજા માટે ગાગરમાં પાણી ભરીને શિવદ્વારે પહોંચ્યા. ગર્ભગૃહમાં પ્રવેશી અત્યંત ભાવપૂર્વક શિવ પરિવારની સ્નાન, પૂજા, અર્ચના- સ્તુતિ વંદના સંપૂર્ણ કરી આનંદિત થઈને ઊઠપા.ત્યારબાદ મંદિરના ગર્ભગૃહમાંથી બહાર આવી મંદિરના પરિસરમાં આવેલ ચબુતરાની નજદીક ઉગેલા બિલ્વપત્રના વિશાળ વૃક્ષ નીચે ધ્યાનમાં બેઠા.

નીરવ એકાંત છે. વાતાવરણમાં એક દિવ્ય ચેતના પ્રવાહ વહી રહ્યો છે. મન ભાવ સમાધિમાં ડૂબી ગયું છે. હૃદયનો તાર પરમાત્મા સાથે જોડાઇ ચુક્યો છે.પરમાત્મા સાથે એકાગ્રતા સધાઇ ચૂકી છે એવા સમયે તેમના અંતઃચક્ષુ સમક્ષ પરમ તેજોમય , દૈદિપ્પમાન , અખિલ બ્રહ્માંડની જનેતા એવા કુલદેવીશ્રી મહાલક્ષ્મી મા ના પરમ દર્શન થયાં.

ભૂદેવનું હૈયું ભાવવિભોર થઈ ગયું. ગદ્ ગદ હૈયે અત્યંત નમ્રભાવે માને વંદના કરી તેઓ ધન્ય ધન્ય થઇ ગયા. માં ને બે હાથ જોડી કરૂણાસભર ભાવે પ્રાર્થના કરીને બોલ્યાં

''મા ! તું સર્વે જનોનું અને મારા સમસ્ત શ્રીગૌડ જ્ઞાતિબંધુઓનું કલ્યાણ કર. ગદ્ ગદ્ ભાવે ભૂદેવે મા ને નમ્ર વિનંતી કરી.. મા એ કીધું એ કામ કરવા માટે હું તને જ પસંદ કરીને મારા શુભ આશિષ આપું છું કે તારા શુભ હસ્તે જ જ્ઞાતિ કલ્યાણના કાર્યો નિર્વિઘ્ને પાર પડશે.એમ આશિર્વાદ આપી મા અદ્રશ્ય થઈ ગયા.

સમયનો પ્રવાહ વહી રહ્યો છે. થોડીક વારમાં જ સાત ઘોડાના સુવર્ણ રથ પર બિરાજી ભગવાન સૂર્યનારાયણની સવારી ગગનમાં આવી પહોંચી. સૂર્યદેવનાં સોનેરી કિરણો શિવાલયના શિખરને સ્પર્શ્યા અને શિખર સુવર્ણમય ભાસવા

માંડયું. પક્ષીઓના મધુર કલરવથી વાતાવરણમાં દિવ્ય સંગીત ગુંજી ઉઠયું.

બાકી રહેલ નિત્યકર્મ આટોપી ભૂદેવ પ્રસન્ન ચિત્તે નગરમાં આવેલ પોતાના નિવારાસ્થાને પરત આવી પુગ્યા.

મુદગલમ ઋષિના પવિત્ર ગોત્રમાં ઉત્પન્ન થયેલ એ પવિત્ર ભૂદેવનું શુભ નામ શ્રી ડાહ્યારામ મયારામ પંડયા. .ગામ ખેડા. જ્ઞાતિએ શ્રીગૌડ બ્રાહ્મણ.

શ્રી ડાહ્યારામ પોતે વેદાનુરાગી હતા.વિદ્વાન હતા. શ્રી વિદ્યાના પરમ આરાધક હતા. જ્ઞાતિના સેવક હતા.ઘરે આવી સંકલ્પ કીધો કે ખેડા નગરમાં અને આસપાસ શ્રી ગૌડ બ્રાહ્મણોનો ખુબ મોટી સંખ્યામાં વસવાટ છે પરંતુ કુલદેવી શ્રી મહાલક્ષ્મી માતાજીનુ એક પણ સ્થાનક નથી. તો સૌ પ્રથમ ખેડા નગરમાં શ્રી મહાલક્ષ્મી મા ને બિરાજમાન કરવા જોઈએ અને તે માટે એક સુંદર મંદિરનું નિર્માણ કરવું જોઈએ.

મંદિર નિર્માણ માટે સૌ પ્રથમ તો એક આદર્શ સ્થળની પસંદગી કરવી જોઈએ તે માટે ગામની મધ્યમાં શ્રી ગૌડ બ્રાહ્મણોના નિવાસસ્થાન પાસે આવેલ એક ઊંચી ટેકરી ની જગ્યા પસંદ કરી કે જ્યાં ટેકરી પર બિલીના વૃક્ષો ઉગેલા હતાં.બિલીના વૃક્ષો લક્ષ્મીજી ને પ્રિય છે . તેને દૈવી સંકેત સમજી, શુભ સમય પસંદ કરી, ખાત મુહર્ત કરી મંદિર તથા ધર્મશાળાના નિર્માણનું કાર્ય શરૂ કર્યું.

બીજી બાજુ માના નિજ સ્વરૂપનાં જે દર્શન તેમને સમાધિ અવસ્થામાં થયેલાં તે સ્વરૂપને સાકાર કરવા માટે જયપુરથી સિદ્ધહસ્ત શિલ્પકારોને આમંત્રણ આપી ખેડા બોલાવ્યા. માના દિવ્ય સ્વરૂપનું વર્ણન શિલ્પકારો સમક્ષ કરી બતાવ્યું. જે અનુસાર શિલ્પકારોએ મા નું પ્રતિરૂપ નિર્માણ કર્યુ તેમાં જે અપૂર્ણતા ભાસી તેમાં સુધારા વધારા કરી શિલ્પકારોએ ખેડામાં આવેલ તીર્થધામ સોમનાય મહાદેવના પ્રાંગણમાં આવેલ ચબુતરા પાસે નિવાસ કરી શિલ્પ કાર્ય પૂર્ણ કર્યું અને ભૂદેવ શ્રી ડાહ્યારામને જેવા સ્વરૂપની ઝાંખી થયેલ તેવા સ્વરૂપને આબેહૂબ મૂર્તિમંત કર્યું.અને મા ની અદ્ભૂત પ્રતિમા નું સર્જન કર્યું જે નિહાળી ડાહ્યારામને પરમ આત્મસંતોષ થયો. એક બાજુ પ્રતિમા નિર્માણ નું કાર્ય ચાલતું હતું તો બીજી તરફ મંદિર પણ નિર્માણ પામી ચુક્યું હતું. એટલે હવે પ્રાણપ્રતિષ્ઠા કરવા માટે શ્રેષ્ઠ મુહૂર્ત પસંદ કરવા શ્રીગૌડ બંધુઓને એકત્ર કરી ભૂદેવે જ્ઞાતિજનો ની રાય માંગી.

આપણા શાસ્ત્રકારોએ ત્રણ સ્વયં સિધ્ધ અભિજીત મુહૂર્તની રચના કરેલી છે. આ ત્રણ વણજોયાં અતિ શુભ મુહૂર્તીની તિથિ એટલે વસંત પંચમી,. અક્ષય તૃતીયા અને અષાઢી બીજ. તેમાંય વળી ધનસંપત્તિની અધિષ્ઠાત્રી દેવી માતા મહાલક્ષ્મીની કૃપા માટે અક્ષય તૃતીયાને અતિ શ્રેષ્ઠ ગણવામાં આવે છે.

તેવી જ રીતે બીજો શ્રેષ્ઠ દિન એટલે વૈશાખ સુદ પાંચમ અર્ધાત શ્રીમદ્ આદ્ય શંકરાચાર્યજીનો જન્મદિન જેમણે

વૈદિક ધર્મનું પુનરૂત્થાન કરેલ છે. તેમના મહાન કાર્યને અંજલિ આપવા વૈશાખ સુદ ત્રીજ થી  વૈશાખ સુદ પાંચમ એમ સળંગ ત્રણ દિવસનો પ્રાણ પ્રતિષ્ઠા વિધિનો ભવ્ય પ્રસંગ  જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં યોજાયો.

વૈશાખ સુદ ત્રીજના દિવસે માતાજીની ભવ્ય નગરયાત્રા કાઢવામાં આવી હતી. વિક્રમ સંવત ૧૯૫૬ વૈશાખ સુદ પાંચમના રોજ કાશીના વિદ્રાન શાસ્ત્રીઓ દ્વારા સમસ્ત શ્રીગૌડ જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં શતચંડી યજ્ઞ સંપન્ન કરી નવનિર્મિત શીખરબધ્ધ ભવ્ય મંદિરમાં મહાલક્ષ્મી માતાજીને સ્થાપિત કરાવી શ્રી ડાહ્યારામ મયારામ પંડયાએ પરમ ધન્યતા અનુભવી.

આ શુભ પ્રસંગે પ્રતિષ્ઠાના સમય દરમ્યાન પ્રયમ દિવસે  ઉપસ્થિત સમસ્ત  શ્રીગૌડ સમાજને ઘીનું જમણ તથા બીજા દિવસે છ મણના લાડુ સાથે ખેડાના સમસ્ત બ્રાહ્મણોને જમણ આપવામાં આવેલ હતું. તે સમયે ૨૬ રૂપિયે મણના ભાવે આઠ મણ  ઘી બે દિવસમાં જમણવારમાં વાપરવામાં આવેલું તધા બે મણ ઘી માતાજીના યજ્ઞકાર્યમાં વપરાયેલું તેવા ઉલ્લેખો હિસાબના જૂના ચોપડામાંપી જાણવા મળે છે.

હાલ પણ પ્રતિ વર્ષ વૈશાખ સુદ પાંચમના રોજ પાટોત્સવ ઉજવવામાં આવે છે. શ્રી માતાજી સન્મુખ નવચંડી યજ્ઞ તથા સમસ્ત જ્ઞાતિભાઇઓના  સમૂહ ભોજનનું આયોજન થાય છે. વૈશાખ સુદ ૫ તથા આસો સુદ ૮ ના રોજ શ્રી મહાલક્ષ્મી માતાજીની રાજોપચાર પૂજાવિધિ તેમજ નવચંડી યજ્ઞ જ્ઞાતિજનો દ્વારા થાય છે. જે સર્વેને સુવિદિત છે. શતાબ્દી મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ તેમજ હવે સવા શતાબ્દી મહોત્સવ નજીક આવી રહ્યો છે તે પણ ભવ્ય રીતે ઉજવવામાં આવશે.

શ્રીગૌડ સમાજમાં શ્રી ઉપાસના મુખ્ય છે.વડીલોના મંતવ્ય અનુસાર  માતાજી તેમની ઉપર પ્રસન્ન થાય છે. જે લોકોએ પરિશ્રમ વેઠી લક્ષ્મી એકત્રિત કરી હોય અને તેનો પોતાની જ્ઞાતિના કલ્યાણ માટે સદુપયોગ કર્યો હોય . આવો નરવીર જ પોતાની કીર્તિનો અમરદીપ  આ સંસારમાં મુકી જાય છે.

શ્રી ડાહ્યારામ મયારામ પંડયાએ સ્વ પ્રેરણા અને શ્રી પ્રત્યેના અનન્ય ભાવથી પ્રેરાઇ પોતાની સર્વ સંપત્તિ ખચીને માતાજીનું મંદિર બહુજન હિતાય બહુજન સુખાય ની ઉદાત્ત ભાવનાથી સ્થાપી અઢાર ગ્રામ શ્રીગૌડ પંચને સોંપી ધન્ય થઈ ગયા.  આ મંદિર સાથે અઢારથી વધુ ગામોના શ્રી ગૌડ સમાજના જ્ઞાતિજનો સંકળાયેલા છે.શ્રીગૌડ સમાજે પણ આ શ્રીગૌડ શિરોમણી નરરત્ન શ્રી ડાહ્યારામ મયારામ પંડયાનું અભુતપૂર્વ સન્માન કરેલ હતું.

આજે પણ આ મંદિરમાં બિરાજમાન માતાજી સૌની મનોકામનાઓ પૂર્ણ કરે છે.જય મહાલક્ષ્મી માતાજી.

# સમાચાર સંચય

(૧) કાલોલ શ્રી જુના શ્રીગૌડ બ્રાહ્મણ સમાજ ૧૩૫ ડેરોલ પક્ષ નાં પ્રમુખ શ્રી અરવિંદભાઈ જોશીનાં પૌત્રો અને શ્રી દિવ્યેશભાઈ એ. જોષી, એડવોકેટ હાલ વડોદરાના પુત્રો ચિ. શશાંક જોશીએ ચેન્નાઈ અને ચિ. ધ્યેય જોશીએ ચાંગાથી કોમ્પ્યુટર સાયન્સ મા પ્રથમ શ્રેણીમાં પાસ થયા છે. બંનેએ અમેરિકા મુકામે ટોપ ૧૦મા ગણાતી કોલેજો પૈકી એક પુત્રે બોસ્ટન મુકામે નોર્થ યુનિવર્સિટીમાં સોફ્ટવેર એન્જિનિયરમાં અને બીજા પુત્રે બ્લ્યુ મીનટન, ઇન્ડિયાના યુનિવર્સિટીમાં ડેટા એન્ડ રીચર્સમાં એમ.એસ. માટે એડમિશન મેળવેલ છે. જે માટે કાલોલ શ્રીગૌડ સમાજ અને સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત ગૌરવ અનુભવે છે અને ઉજ્વળ કારર્કિદી માટે શુભેચ્છાઓ પાઠવે છે.

(૨) શ્રીગૌડ સમુદાયનું ગૌરવ : સ્વ. શ્રી નરેન્દ્રરાય મગનલાલ શુક્લ અને સ્વ. શ્રીમતી નલિનીબેન એન શુક્લ, અમદાવાદના પુત્ર ડૉ. કેતન નરેન્દ્રરાય શુક્લ (નિવૃત્ત એમ્બેસેડર-IFS)ના પત્ની શ્રીમતી અનિતા કેતન શુક્લ (IFS) ને ડાયરેક્ટર, ફોરેન સર્વિસ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ (FSTI), તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. હાર્દિક અભિનંદન.






(૩) તા. ૩જી સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ કેનેડાના ટોરેન્ટો શહેરમાં જનોઈ બદલવાનો (યજ્ઞોપવિત) કાર્યક્રમ ઉજવાયો હતો. તેમાં ૧૫૦થી વધુ બ્રહ્મણોએ ઉત્સાહભેર ભાગ લીધો. યજ્ઞોપવિતમ માટે આ ૧૩મું વર્ષ છે.

(૪) શ્રી ગૌડ પ્રગતિ મંડળ અમદાવાદ દ્વારા જનોઈ બદલવાનો કાર્યક્રમ તા.૩૦/૦૮/૨૦૨૩ ના રોજ ઈસનપુર સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ ની વાડી માં વેદોક્ત રીતે યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમ માં કુલ ૩૦ જેટલા શ્રી બંધુઓ અને ડાકોર થી શ્રી ઈન્દ્રવદન ભાઈ પાઠક તથા કાકંણપુર થી શ્રી કિરીટભાઈ દવે અને અમદાવાદ



ના શ્રી બંધુ ઓ એ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. મુખ્ય યજમાન પદે શ્રી પ્રશાંત હરી વદન ભાઈ પાઠક અને મંડળ ના સહ મંત્રી શ્રી બ્રિજેશ ભાઈ જોષી બિરાજ્યા હતા આ કાર્યક્રમ ને સફળ બનાવવામાં શ્રીગૌડ પ્રગતિ મંડળની બહેનો પ્રમુખ શ્રી પારૂલબેન વિનયકાંત દવે, શ્રીમતી પ્રતિમાબેન ઉપાધ્યાય, શ્રીમતી રશ્મિબેન દવે, શ્રી મતી સીમાબેન બ્રિજેશ ભાઈ જોષી શ્રીમતી સંગીતાબેન પંડ્યા. શ્રીમતી ભાર્ગવીબેન અગ્નિહોત્રી તથા હાલોલ અભેટવા થી શ્રીમતી ભાવનાબેન, શ્રી મતી ઉમાબેન પ્રવિણચંદ્ર જોષી તથા સમસ્ત શ્રીગૌડ સમાજના મંત્રી શ્રી યોગેશભાઈ શુકલએ હાજરી આપી કાર્યક્રમમાં શોભા ની અભિવૃધ્ધિ કરી હતી.

(૫) ચિં. ધૈર્ય વિજયભાઈ ઉપાધ્યાય, અમદાવાદએ જી.એલ.એસ. યુનિવર્સિટી ખાતેથી એલ.એલ.એમ. પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયેલ છે.

(૬) કેનેડા સ્થિત શ્રી સુભાષભાઈ પાઠકના રેફરન્સથી શ્રી સુભાષભાઈ દવેના માતાપિતાના (શ્રી અરવિંદચંદ્ર એલ. દવે મહેલોલ અને શ્રીમતી શાંતાબેન એ. દવે, દેવગઢ બારીયા) સ્મરણાર્થે 2ALS EDUCATION FUND દ્વારા શ્રીગૌડ સમાજના જરૂરિયાતમંદ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને પોતાના અભ્યાસ પ્રમાણે છાત્રવૃત્તિ અંગે રુ ૬00000/- (૬ લાખ) જેટલી માતબર રકમની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી છે. આ કામગીરી માટે શ્રી. રઘુભાઈ જોશી (વિધ્યાનગર), શ્રી સી.એ. દિવ્યાંગ શુક્લએ (અમદાવાદ) ભારે જહેમત ઉઠાવી આ કામગીરી સફળતાપૂર્વક કરેલ છે. જ્ઞાતિના બાળકોને આ સહાય થઇ શકે તે માટે શ્રીમતી કાશ્મીરાબેન પાઠક (ગોધરા), શ્રીમતી સોનલબેન શુક્લ (વડોદરા), શ્રી અનંતભાઇ જોષી (ડાકોર), શ્રી મનોજભાઇ જોશી (કોઠંબા), શ્રીજયેશભાઇ શુક્લ (વીરપુર), શ્રી જીજ્ઞેશભાઈ પંડીત (નડિયાદ), શ્રીમતી પ્રમોદિનિબેન વ્યાસ (ડાકોર) અને અન્ય સ્નેહીજનો જેવા સેવાભાવી જ્ઞાતિબંધુત્વની ભાવના વાળા સ્વજનોના અનન્ય સહકાર મળી રહેતા આ કામગીરી સફળ બની હતી. શ્રી સમાજના જરૂરિયાતમંદ બાળકોને શિષ્યવૃત્તિ આપવા અંગેની સેવાકામ કરવા બદલ, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત સૌનો ખુબ આભાર માને છે. ગયા વર્ષમાં પણ શ્રી સમાજના બાળકોને શ્રી રઘુભાઈ જોષી અને શ્રી સી.એ. દિવ્યાંગ શુક્લના સુદઢ પ્રયત્નથી શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી. આ સુંદર સેવાપ્રવૃત્તિ માટે સમસ્ત શ્રીગોડ સમાજ, ગુજરાત કેનેડા સ્થિત શ્રી સુભાષભાઇ દવે, શ્રી સુભાષભાઈ પાઠક, શ્રી રઘુભાઈ જોષી અને શ્રી દિવ્યાંગ શુક્લનો આભાર માની અભિનંદન પાઠવે છે.

(૭) ગ્વાલિયરની મહારાણી Her Highness પ્રિયદર્શિનીરાજે સિંધિયાએ તેમના Food with heritage કાર્યક્રમમાં દેશના સર્વોચ્ચ ૫૦ ખાનપાન સંબંધિત મહાનુભાવો ( Zomato ના માલિક સહિત) ને આમંત્રિત કર્યા હતા. તેમાં શ્રીમતિ જીજ્ઞાસાબેન અને શ્રી જહાનુભાઈ શુક્લ, અમદાવાદના પુત્ર ચિં. બુલંદ શુક્લ પણ હતા. શ્રી બુલંદ શુક્લની ગોવા સ્થિત FTR hotel દેશની પ્રથમ ૨૦ માંથી ૧૫ ક્રમે લીસ્ટેડ છે. સમસ્ત શ્રીગૌડ સમાજ ગર્વની લાગણી અનુભવે છે. ચિં. બુલંદ ને હાર્દિક અભિનંદન.

(૮) રાજ રાજેશ્વરી ભગવતીશ્રી મહાલક્ષ્મી માતાજીનાં ખેડામાં આવેલ પ્રાચીન મંદિરે શ્રી અઢાર ગામ શ્રીગૌડ સમાજ, ખેડા દ્વારા કુલદેવી, પરમ કરૂણાનિધાન, મા મહાલક્ષ્મીજીની શારદીય નવરાત્રી મહોત્સવ તા.૧૫/૧૦/૨૦૨૩ થી તા.૨૩/૧૦/ ૨૦૨૩ સુધી ભક્તિભાવપૂર્વક અવિરતપણે ઉજવવામાં આવ્યો હતો. આસો સુદ આઠમે તારીખ: ૨૨/૧૦/૨૦૨૩ રવિવારને દુર્ગાષ્ટમી ના પવિત્ર દિવસે મંદિરમાં માતાજી ના રાજોપચાર પૂજન અર્ચન તથા હોમાત્મક નવચંડી યજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખેડાના વતની ( હાલ વિદ્યાનગર નિવાસી ) શ્રીમાન જીગર કુમાર હરીશભાઈ પંડ્યા તથા શ્રીમતી નિમિષાબેન જીગર કુમાર પંડ્યા મુખ્ય યજમાનપદે બિરાજમાન થઈ માતાજી ની સેવા -પૂજા - નવચંડી નો અણમોલ લાભ લીધો હતો. સર્વે જ્ઞાતિજનોએ દર્શન અને પ્રસાદનો અમુલ્ય લાભ લીધો હતો.

(૯) મધવાસ મહાલક્ષ્મી માતાજી ના મંદિરે તા. ૨૨/૧૦/૨૩ ના રોજ આઠમ ને રવિવારે નવચંડી યજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું હતું.

(૧૦) શ્રી પંચ ગ્રામ શ્રીગૌડ મહાલક્ષ્મી માતાજી ટ્રસ્ટ, મહુધા દ્વારા પ્રતિ વાર્ષિક નવચંડી યજ્ઞ તા.૨૭/૧૦/૨૦૨૩ ના રોજ રાખવામાં આવ્યો હતો. શ્રી ખંજન પ્રદિપભાઈ જોષી (મહુધા /વડોદરા) અને શ્રી કૃપલ રાજેશભાઈ પાઠક ( વડથલ ) યજમાન હતા. આ પ્રસંગે સમાજ ના સૌ જ્ઞાતિ બંધુઓ ને દર્શનનો અને પ્રસાદનો લાભ લીધો હતો.

(૧૧) ગુજરાત પુસ્તકાલય મંડળ દ્વારા પંચમહાલ જિલ્લા ના સંગઠન મંત્રી અને ગુજરાત રાજ્ય પુસ્તકાલય કારોબારી સમિતિના સભ્ય તરીકે શ્રીમતી સ્મિતાબેન વિનાયક શુક્લ ( ગોધરા )ની વરણી કરવામા આવી છે

(૧૨) શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ, વડોદરા દ્વારા આયોજીત સ્નેહ સંમેલન, ઇનામ વિતરણ, અને ૭૦ વર્ષની વય વટાવી ચૂકેલ વડીલશ્રીઓ ના સન્માન સમારંભ તા.૩/૧૨/૨૦૨૩ ને રવિવારે સાંજે ૫=૦૦ કલાકે યોજવામાં આવ્યો હતો.

આ સમારંભમાં મુખ્યમહેમાન તરીકે શ્રી કુમુદભાઈ દવે, અતિથિ વિશેષ તરીકે શ્રી પ્રદ્યુમ્નભાઈ દવે અને શ્રી જીગ્નેશભાઈ પાઠક ઉપસ્થિત રહ્યા હતા.

સમારંભની શરૂઆત ગણેશવંદના અને શ્રી મહાલક્ષ્મી માતાજીની સામૂહિક સ્તુતિ કરવામાં આવી તે પછી નિમંત્રિત મહેમાનો અને ટ્રસ્ટી મંડળના હોદ્દેદરોએ દીપ પ્રગટાવી સમારંભનો પ્રારંભ કર્યો હતો.

સૌ પ્રથમ શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ, વડોદરા ના પ્રમુખ શ્રી જયેન્દ્રભાઈ દવે એ આમંત્રિત મહેમાનો અને મંડળના સૌ સભ્ય પરિવારજનોનું શબ્દો થકી આવકારી સ્વાગત કર્યું અને નૂતન વર્ષ વિક્રમ સંવત ૨૦૮૦ સૌને સર્વ ક્ષેત્રે ફળદાયી બની રહે તેવી શભેચ્છાઓ પાઠવી હતી તેમજ મંડળના સ્થાપક શ્રી રવિન્દ્રભાઈ શુક્લ ને યાદ કરી શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.








મુખ્ય મહેમાન અને બંને અતિથિ વિશેષ નો પરિચય અનુક્રમે શ્રી પ્રશાંતભાઈ પાઠક અને શ્રી જ્યોતિષભાઈ પાઠકે સૌને કરાવી પુષ્પગુચ્છ અર્પણ કરવામાં આવેલ. મુખ્ય મહેમાન શ્રી કુમુદભાઈ દવે, અતિથિ વિશેષ શ્રી પ્રદ્યુમ્નભાઈ દવે અને શ્રી જીગ્નેશભાઈ પાઠક દ્વારા પ્રાસંગિક પ્રવચન થકી સમાજના ઉત્કર્ષ, બ્રાહ્મણોના એકત્વ માટે એમાંય શ્રીબંધુઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવા યોગ્ય માર્ગદર્શન અને વિવિધ પ્રેરક સૂચનો કર્યા હતા અને મંડળની પ્રવૃત્તિઓને બિરદાવી શુભેચ્છા સાથે શુભકામનાઓ પાઠવી હતી.

વર્ષ ૨૦૨૨-૨૦૨૩ દરમ્યાન યોજાયેલ વાર્ષિક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા કે.જી. ક્લાસથી સ્નાતક અનુસ્નાતક કક્ષાએ પાસ થયેલ સૌ ૫૬ જેટલા વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓને ઇનામો આપવામાં આવ્યા હતા. ધોરણ-૧૨ અને ધોરણ-૧૦ની વાર્ષિક પરીક્ષામાં પ્રથમ આવનાર અનુક્રમે શ્રી પ્રથમ અર્કેશભાઈ શુક્લ અને શ્રી હેત પ્રિતેશકુમાર દવે ને વિશેષ સ્વ.દેવશંકર જોષીના સ્મરણાર્થે ૨૦ ગ્રામ રજતચંદ્રક અર્પણ કરવામાં આવેલ.

૭૦ વર્ષની વય વટાવી ચૂકેલ સભ્યશ્રીઓ ના પરિવારજનોના ૧૨ વડિલશ્રીઓનું શાલ ઓઢાડી પુષ્પગચ્છથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સમારંભના અંતે સૌ મહેમાનો તેમજ ઉપસ્થિત પરિવારજનો ઉપરાંત મંડળને આર્થિક સહાય કરનાર સૌ દાતાના ઋણ સ્વીકારી સમારંભને સફળ બનાવવા બદલ ટ્રસ્ટી શ્રી યોગેશભાઈ દવે એ મંડળ વતી અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળતા પૂર્વક સંચાલન શ્રીમતિ મિતુબેન શુક્લ અને શ્રીમતિ મેઘનાબેન પાઠક દ્વારા કરવામાં આવેળલ. મંડળ દ્વારા આયોજીત સ્વરૂચિ ભોજન ને ન્યાય આપી સમારંભ ને વિરામ આપ્યો હતો.

(૧૩) શ્રી કૃતાર્થભાઈ કિરીટભાઈ જોષી, દાહોદની સમગ્ર દાહોદ જિલ્લાના સમસ્ત બ્રહ્મ સમાજ ના મહામંત્રી તરીકે નિયુક્તિ થઈ છે. હાર્દિક અભિનંદન

(૧૪) સમસ્ત શ્રીગૌડ સમાજ, વડોદરાનો ૫૬ મો ઈનામ વિતરણ, સ્નેહમિલન, વડીલોનો સન્માન સમારંભ કાર્યક્રમ તા.૧૦–૧૨–૨૦૨૩ ને રવિવારના રોજ શ્રી ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિર, વડોદરા ખાતે યોજાયેલ હતો. આ સમારંભમાં પ્રમુખ તરીકે શ્રી રાજેશભાઇ પુરોહિત અને અતિથિ વિશેષ તરીકે શ્રી ભાર્ગવભાઈ વૈદ્ય ઉપસ્થિત રહયા હતા. ૨૫ વર્ષ લગ્ન જીવનમાં પૂર્ણ કરેલ શ્રી હિમાંશું ભાઈ શુક્લ ત્થા જિજ્ઞાબેનનું મંત્રી શ્રીમતી ભાવના બેન ત્થા શ્રી ભાગવતીપ્રસાદ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રમુખ મૂકેશભાઈ પંડયા, ઉપપ્રમુખ બીપીનભાઈ પુરોહિત તથા ઉપપ્રમુખ પુષ્પકભાઈ જોષી, ભાગવતીપ્રસાદ પાઠકના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સફળતા પૂર્વક સંચાલન કરવામાં આવેલ. મંડળ દ્વારા આયોજીત પ્રીતી ભોજનને ન્યાય આપી સમારંભ ને વિરામ આપ્યો હતો



(૧૫) શ્રીમતી હિમાદ્રી નિલેશ ઉપાધ્યાય, અમદાવાદ એ વર્ષ ૨૦૨૩ માં બે વુમન એચિવ ૨ એવોર્ડ મેળવેલ છે. તેઓએ જ્યોતિષ શાસ્ત્ર અને વાસ્તુ શાસ્ત્ર માં છ ગોલ્ડ મેડલો મેળવેલ છે. રેકી હીલિંગ ઉપચાર - આધ્યાત્મિક કાયાકલ્પ (spiritual- rejuvenation) ના સ્થાપક છે



(૧૬) શ્રીગૌડ પ્રગતિ મંડળ અમદાવાદ ની વનિતા વૃંદની બહેનો ધ્વારા તા.૧૬/૧૦/૨૦૨૩ ના રોજ શ્યામ સુદર હોલ ઈસનપુર ખાતે નવલી નવરાત્રીમાં ગરબાનું આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા જ્ઞાતીની તમામ બહેનો અને તેમના પરિવારે ગરબાની રમઝટ બોલાવી હતી. ભોજન પ્રસાદી સાથે ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બધાના સાથ સહકાર થી ગરબાનો કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યો. આ માટે સૌ કાર્યકર્તાઓનો ખૂબ ખૂબ આભાર. પ્રમુખશ્રી પારુલબેન દવે, ઉપ પ્રમુખ શ્રી પ્રતિમાબેન ઉપાધ્યાય, અને કમિટિની બહેનોએ પણ સાથે રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો છે. સમાજ તરફથી દર વરસે આવા સારા સારા કાર્યક્રમ કરતા રહો એવી શુભેચ્છાઓ





(17) પૂર્વ જિલ્લા અને સેશન જજ સ્વ. શ્રીકાંત પાઠક (અમદાવાદ) ના પિતા મૂફ્ર શહેરાના વડોદરા નિવાસી અને હાલ અમદાવાદ રહેતા ડૉ. જયેન્દ્રકુમાર લક્ષ્મીશંકર પાઠક, નિવૃત્ત મેડિકલ ઓફિસર વર્ગ -૨ (પ્રા.આ.કે.) સદી પૂર્ણ કરેલ છે. તા.૧૨/૧૨/ ૨૦૨૨ ના રોજ ૧૦૦ વર્ષ પૂરાં કરી ૧૦૧માં વર્ષમાં પ્રવેશ કરેલ છે. સમાજ તરફથી અભિનંદન

# પુણ્યબળ

**-શ્રી રાજેશ પંડ્યા (રાજ)**

મનુષ્ય જ્યારે બધી બાજુઓ એથી મુંઝાઈ જાય, નિર્ણયો ના લઈ શકે, વિકટ પ્રશ્નોમાં ફસાઈ જાય એટલે ભગવાનનું શરણ યાદ આવે. મનુષ્યની સમસ્યાઓ પછી પણ વધતી જાય એટલે એ પરિચિતોનો સહારો લે. પરિચિતો કદાચ ભુવા, મહારાજો, સતની જગ્યાઓ બતાવે તો શ્રદ્ધાપૂર્વક મનુષ્ય ત્યાં પણ જાય, તો પણ સમસ્યાઓ નો અંત ના આવે એટલે અવિચારી કૃત્ય કરી લે.

આ પ્રશ્નોની હારમાળા વચ્ચે એને ‘ પુણ્ય બળ ‘ શબ્દ દેખાયો? ના, એ આંધળો થઈ ગયો હોય એવું વર્તન કરે. બેન્કમાં બેલેન્સ ના હોય અને કોઈકનો ચેક રજૂ થયો એટલે તરત બાઉન્સ જ થાય, એમ પુણ્યબળ ખલાસ થઈ,પાપબળ શરૂ થયુ હોય એ ખબર ના પડતાં જીવનમાં નકારાત્મક પ્રસંગો ચાલુ  થઈ જાય..કેવા.. પુત્રી સ્વછંદી બને, પુત્ર માટે નોટિસ આપવી પડે, પત્નીનુ વર્તન બદલાય, પોતે ગંભીર બીમારીઓના ભોગ બને,દેવું થાય, ધંધો બંધ થાય...આર્થિક તંગી દેખાય...આવું ચાલ્યા જ કરે.

આવી વિકટ સ્થિતિમાં એને શ્રાપિત લક્ષ્મી જેમ કે કોઈનું ઉચ્છેદીયું  આવેલું હોય, દગાથી સહી કરાવી જમીનો પચાવી લીધી હોય, બે નંબરી રૂપિયા મારી ખાધા હોય..આ બધું યાદ આવે....બસ આ વમળમાં એ અટવાયા કરે.આનો અંત પસ્તાવો અથવા મૃત્યું જ ગણાય.

બીજા પરિમાણથી, મનુષ્ય આ જન્મમાં ભગવાનનો અવતાર જેવો હોય તો પણ એને સંચિત કર્મો કારણે પારાવાર મુશ્કેલીઓ પડતી હોય તો એણે પુણ્યબળ ઉભું કરવા કોશિષ કરવી જોઈએ. નવા પુણ્યબળ થકી એટલે નવા બેલેન્સ થકી એનો જીવનનો  ચેક બાઉન્સ નહિ થાય.

પુણ્યબળ વધારવાના રસ્તાઓમાં ગાયને ઘાસ ને એવું બધું ગૌણ કહેવાય. વ્યક્તિએ પહેલાં પોતાની પહોંચ અને તાકાત માપી, એક પછી એક નાના મોટા પરોપકારી કામો જેનાથી જીવમાત્રને સંતોષ થાય, ભગવાન ખુશ રહે એવા શરૂ કરવા જોઈએ. કોઈના આંસુ લુંછવા, આત્મશ્રદ્ધા પ્રગટાવી, કોઈના જીવનની પ્રગતિ કરાવવી, મંદિરોમાં સેવાઓ આપવી, સહારો આપવો, સાચી સલાહો આપવી..જેવા કામ સાથે સચોટ પ્રાર્થના, ઈશ્વરની ભક્તિ કરવી. ઈશ્વર પાસે માંગવું કશું નહિ માત્ર કાર્યમાં સહકાર માંગવો, અત્યંત શુદ્ધ રહેવું, પોતાની સમસ્યાઓ ઉપર ઈશ્વરનું સતત ધ્યાન છે એવું માનવું.. આજીવન આ જ રીતે નિર્મળતાથી જીવન પસાર કરવા માંગે છે એમ રોજ પ્રાર્થનામાં કહેવું...

એક દિવસ એવો આવશે કે ઈશ્વર અણી ના સમયે આવી વ્યક્તિને બચાવી લેવા, પોતાની હાજરીનું ભાન કરાવવા કોઈના પણ હ્રદયમાં ઉતરી પાસે આવશે, સમસ્યાઓ રહેશે નહિ, એનો ભીની આંખે અહેસાસ કરી શકાશે, દેખી નહિ શકો ...બસ  આ જ તો પુણ્યબળ જમા થયું કહેવાય.

કૃતાર્થ કિરીટ ભાઈ જોશી,
દાહોદ, 9898157414

હૃદયસ્થ શ્રીગોડ બ્રહ્મ બંધુ ભગીની.....

કુશળ હશો,

આપણા સમાજના પ્રત્યેક વ્યક્તિને જોડવા માટેની પત્રિકા નું નામ જાગૃતિ રાખેલ છે અને તેથી તેનો પહેલો અને શ્રેષ્ઠ હેતુ એ જાગૃતિ લાવવાનો જ હોઈ શકે. તેવી શુભ ભાવનાથી આવો આપણે સૌ સાથે મળી આ લેખમાંથી મારા, તમારા આપણા સૌમાં શ્રેષ્ઠ બ્રાહ્મણ ના અવતારને પરિપૂર્ણ કરવા માટેની યાત્રાના જાગૃત યાત્રીકો બનવાનો સંકલ્પ લઈએ.....

બ્રાહ્મણ એ પૃથ્વી પરના ભૂદેવ છે અને એટલું જ નહીં

પુરુષ સૂક્તમાં વેદ કહે છે તેમ બ્રાહ્મણોસ્ય મુખમાસીદ્ બ્રાહ્મણ એતો ઈશ્વરનું મુખ છે...

હા, બ્રાહ્મણની આ પ્રશંસા યથા યોગ્ય જ છે અને આપણે સૌએ સ્વાભિમાનથી તેનો સ્વીકાર કરવો જ જોઈએ.

પરંતુ પ્રિય મિત્રો, સ્વાભિમાન ટકાવી રાખવા માટે અને તેને આવનારી જનરેશનને સુંદર રીતે હસ્તાંતરિત કરવા માટે માત્ર સ્વાભિમાનના ભ્રમ રાજતા રહેવું એ કદાચ સીમિત નહીં રહે અને તેથી આપણે સૌએ સાથે મળી એ સ્વાભિમાન ટકી રહે તે માટે સાચા બ્રાહ્મણ બનીએ તે પ્રાથમિક

શરત છે પણ એ સાચા બ્રાહ્મણના ગુણો મળે ક્યાંથી ?

અને ત્યારે આપણા સૌની સમક્ષ શ્રીમદ ભગવત ગીતા તેના અઢારમાં અધ્યાયના 42માં શ્લોકમાં બ્રાહ્મણનું વર્ણન કરતા જે સ્વાભાવિક ગુણો કહે છે તે ઈશ્વરે સ્વમુખે કહેલા છે તો પછી એનાથી બીજો શ્રેષ્ઠ માર્ગ કયો હોઈ શકે?

સ્વાભાવિક ગુણો શ્રીમદ ભગવત ગીતા 18માં અધ્યાયના 42માં શ્લોકમાં કહે છે કે,

शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च।

ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम्

પ્રથમ ગુણ શમ: - શાંત ચિત, આજે આપણે સૌ મનની શાંતિ કોઈ ઉચ્ચાટ માંડી શાંત ચિત્તે કશું પ્રાપ્ત કરવાની જગ્યાએ બીજા સાથેની સરખામણીમાં બધી જ વસ્તુઓ માટે  શરીર અને મન બંનેની શાંતિ ખોઈ રહ્યા છે ત્યારે આપણી પ્રત્યેક ફરજ યોગ્ય રીતે અને યોગ્ય સમયે પૂરી કરી ને  જ કંઈ પ્રાપ્ત કરવા માટે આગળ વધીએ તો આપણામાં શાંતિ આપો આપ  પ્રગટ થશે અને તેથી આ પ્રથમ ગુણ આજની 21મી સદીમાં આપણા શારીરિક, માનસિક સ્વાસ્થ્ય માટે પણ અપનાવો જ રહ્યો .

Be peaceful

2. બીજા. બે ગુણ છે દમ અને તપ:

સંયમ સાથેનું તપ.

સમગ્ર વિશ્વમાં બે extreme વિચારધારાઓ ચાલે છે .

એક કહે છે ખૂબ એન્જોય કરો , ખૂબ ખાવ, ખૂબબોલો... અને બીજો એક કહે છે ના બધું છોડી સન્યાસી બનો.

આ બંનેની વચ્ચે ગૃહસ્થી એ ઈશ્વરને અને સંસાર બન્ને ને ગમતા થવા માટે, અરે, સફળતા પ્રાપ્ત કરવા માટે પણ યોગ્ય અને જરૂરી આનંદ, વાણીનો ઉપયોગ સમજવા માટે કહીએ તો ના બોલવામાં નવ ગુણ અને ના બોલે તો એના બોર ન વેચાય એ બંનેની વચ્ચેનો મધ્યમ માર્ગ જરૂરી છે તેટલું તો ચોક્કસ બોલીએ જ એ સંયમિત માર્ગ આજના communication skills ના યુગમાં એક તપ તરીકે અપનાવવું એ સફળતાની સૌથી મોટી ચાવી છે.

એટલેકે, સતત સંયમિતતાથી કર્મ કરતા રહેવું be perseverance

3. પણ આની સાથે સાથે આગળ નું સૌથી જરૂરી તત્વ છે - પવિત્રતા.

સ્વામી વિવેકાનંદ પણ કહેતા હતા કે પવિત્રતા એ જીવનનો પ્રાણ છે .

આપણે સૌ બ્રાહ્મણ પણ પવિત્રતાથી જીવન જીવતા થઈએ.

આપણે સૌ આજે અંદરો અંદર ગણગણાટ કરતા થયા છે કે ,21મી સદીમાં તો જો વ્યવહારિક નહીં બને ને તો નહીં ટકી શકાય થોડા ઘણા અંશે તો સમજોતો કરવો જ પડે.

પણ ત્યારે,આપણે સંયમિતતાથી પવિત્ર જીવન જીવતા થઈશું ને તો જ બ્રહ્મત્વ આપણામાં ટકેલું રહેશે. અને આપણને સૌને ખબર છે કે પવિત્રતાથી મળેલી સફળતામાં કદાચ લાંબો સંઘર્ષ જરૂર હશે પણ એ ટકે છે પણ લાંબી અને સંતોષ પણ એટલી જ ઉમદા રીતે પ્રદાન કરે છે.

તેથી આપણે સૌ આંતરિક બાહ્ય બંને રીતે પવિત્ર રહીએ સૌથી અગત્યની શરત છે.

Be pious

4. ક્ષાતિ: ધૈર્ય ધીરજતા

આપણે સૌ short cut ની જગ્યાએ Rome was not built in a day ની જીવનમાં ઉતારી પોતાના વ્યક્તિગત જીવનમાં, કુટુંબમાં, સગા સંબંધી સાથેના વર્તનમાં આપણા પ્રોફેશનલ કાર્યમાં, પ્રત્યેક જગ્યાએ ધીરજતાથી વર્તન અને વાણી ને આત્મસાત કરી તે બ્રાહ્મણના એક મુખ્ય ગુણને અપનાવ્યો ગણાશે.

Keep patience

5. પાંચમો અને મહત્વનો ગુણ છે આર્જવમ - પ્રત્યેક વ્યક્તિ પ્રત્યે દયાભાવ રૂજુ હૃદય

બ્રાહ્મણ ક્યારે કઠોર હૃદયનો ન હોઈ શકે નિર્દયતા એ બ્રાહ્મણના લોહીનો અસ્વીકાર છે અને તેથી આપણે સૌ કોઈ પણ કામ કરતા પહેલા બીજાનો વિચાર કરીએ અને ત્યારે જ આપણે સાચા ભૂદેવ બન્યા કહેવાય એટલે કે

પ્રોફેશનમાં પણ જ્યારે કોઈ પણ યોજના વિચારતા હોઈએ ત્યારે અન ટુ ધ લાસ્ટ મેન ,સમાજના અંતિમ વ્યક્તિ અથવા લાભ થવાનો છે તેને ધ્યાનમાં રાખીને આયોજન કરીએ એ આજનો યુગ મંત્ર છે.

Pity

6. અને સૌથી છેલ્લો ગુણોમાં નો જ્ઞાન વયે વિજ્ઞાન આસ્તિક્યમ...

Power of present era knowledge

આપણે સૌ બ્રાહ્મણ જ્ઞાનના અને એ પણ આજની 21મી સદીના જ્ઞાન માટે જે પણ જરૂરી છે તેનું વાંચન અધ્યયન અને તેને સમાજ સાથે વહેંચીએ તેમાં આપણી અને સમાજ બંનેની આસ્થા વધુ દ્રઢ થાય તે માટે માત્ર વાતો નહીં અભ્યાસ અને અધ્યયનને આપણા જીવનનું સૌથી મહત્વનો ભાગ બનાવ્યો તો ફરીથી એકવાર બ્રાહ્મણના કુળને ઉજાગર કરવાની પગથી પર આપણે અગ્રેસર થઈ શકીશું અને જે પણ યુવા મિત્રો વાંચી રહ્યા છે એમને ખબર હશે કે આજના 21મી સદીમાં આજના યુગના પ્રત્યેક જરૂરી જ્ઞાન એ કમ્પ્યુટર હોઈ, AI શકે હોઈ શકે,CHAT GPT.... વગેરેને પણ વેદ અને ઉપનિષદની જેમ જ આપણા જીવનમાં અપનાવીએ.....

આમ, જરાક શાંતિથી વિચાર કરીએ તો 6 P- Peace, perseverance, piousness, patience, pity power of knowledge... જેને UNESCO SUSTAINABLE DEVELOPMENT GOALS માટે અપનાવવાનું કહે છે એ જ છે એનાથી વિશેષ કઈ નથી તો આવો આપણે સૌ સાચા પૃથ્વી પરના દેવતા બનવા માટે એને આજથી જ વ્યક્તિગત, સામાજિક જીવનમાં લાવવાની શરૂઆત કરીએ

શુભમ ભવતુ.

# અવસાન નોંધ

(૧) સ્વ. કુસુમબેન જયેન્દ્રભાઈ શુક્લ, ભરૂચ
(૨) સ્વ. કુમુદબેન રમણલાલ પાઠક, અમદાવાદ
(૩) સ્વ. પ્રતિમાબેન બિપીનચંદ્ર દવે, ગોધરા
(૪) સ્વ. રાજેશ્વરીબેન સત્યકામભાઈ જોષી, વડોદરા
(૫) સ્વ. ભાવનાબેન અશ્વિનભાઈ પાઠક, અમદાવાદ
(૬) સ્વ. સુરેશચંદ્ર હરગોવનદાસ પંડ્યા, ગાંધીનગર
(૭) સ્વ. બંસીધરભાઈ નંદુપ્રસાદ ઉપાધ્યાય, અમદાવાદ
(૮) સ્વ. ભરતભાઈ દેવશંકર દવે, વડોદરા
(૯) સ્વ. ભાનુપ્રસાદ બાલકૃષ્ણ ભટ્ટ, વડોદરા
(૧૦) સ્વ. ઘનશ્યામલાલ મોહનલાલ ઉપાધ્યાય, કાલોલ
(૧૧) સ્વ. ભરતભાઈ જટાશંકર ભટ્ટ, વડોદરા
(૧૨) સ્વ. પુષ્પાબેન મોહનલાલ જોષી, લુણાવાડા
(૧૩) સ્વ. નિમિષાબેન રાજેશભાઈ પંડ્યા, અમદાવાદ
(૧૪) સ્વ. હર્ષદરાય કેશવજી ભટ્ટ, ડૈયા (સૌરાષ્ટ્ર)
(૧૫) સ્વ. શંકરભાઈ ગૌરીશંકર દવે, લુણાવાડા
(૧૬) સ્વ. ભરતભાઈ રમણલાલ દવે, અમદાવાદ
(૧૭) સ્વ. કુસુમબેન સુરેશચંદ્ર પુરોહિત, ઓડ
(૧૮) સ્વ. મીનાબેન હર્ષદભાઈ પંડ્યા, ગોધરા
(૧૯) સ્વ. વિનોદરાય કાન્તિલાલ પંડ્યા, નરોડા, અમદાવાદ
(૨૦) સ્વ. નિશા હેમલભાઈ દવે, અમદાવાદ
(૨૧) સ્વ. મીનાબેન હિતેન્દ્રભાઈ જોષી, રાજકોટ
(૨૨) સ્વ. હરીશભાઈ રસિકલાલ દવે, અમદાવાદ
(૨૩) સ્વ. કિરીટકુમાર એસ. દવે, અમદાવાદ
(૨૪) સ્વ. જયેશભાઈ કાંતિલાલ પાઠક, અમદાવાદ
(૨૫) સ્વ. પ્રવિણચંદ્ર અંબાલાલ દવે, કાંકણપુર
(૨૬) સ્વ. શૈલેષકુમાર જોષી, વડોદરા
(૨૭) સ્વ. ઉમાકાન્તભાઈ મૂળશંકર દવે, વડોદરા
(૨૮) સ્વ. સુરેશચંદ્ર અંબાલાલ દવે, વડોદરા
(૨૯) સ્વ. નિર્મળાબેન જયંતિલાલ દવે, વડોદરા
(૩૦) સ્વ. જયશ્રીબેન બાલમુકુંદભાઈ પંડ્યા, ખંભાત
(૩૧) સ્વ. હરેશકુમાર જેઠાલાલ પંડ્યા, ડાકોર
(૩૨) સ્વ. સૂર્યકાન્તભાઈ ભીખાલાલ ઉપાધ્યાય, સુરત
(૩૩) સ્વ. ભરતભાઈ ઈન્દ્રપ્રસાદ ભટ્ટ, વડોદરા
(૩૪) સ્વ. ડૉ. નિતીનકુમાર જે. દવે, હાલોલ
(૩૫) સ્વ. સનતકુમાર દલસુખરામ પાઠક, શહેરા
(૩૬) સ્વ. સુરેન્દ્રરાય રામશંકર પાઠક, અમદાવાદ
(૩૭) સ્વ. મહેશભાઈ માનશંકર પંડ્યા, બાકરોલ (આણંદ)
(૩૮) સ્વ. રસીલાબેન નરેન્દ્રભાઈ દવે, વડોદરા
(૩૯) સ્વ. દેવેન્દ્રપ્રસાદ કાંતિલાલ પાઠક, અમદાવાદ
(૪૦) સ્વ. પ્રતિમાબહેન બિપીનચંદ્ર દવે, ગોધરા
(૪૧) સ્વ. પાર્થિવ હેમંતકુમાર પુરોહિત, સુરત
(૪૨) સ્વ. હરિપ્રસાદ કાંતિલાલ દવે, વડોદરા
(૪૩) સ્વ. સવિતાબેન નલીનકાંત જોષી, અમરેલી
(૪૪) સ્વ. મહેન્દ્રપ્રસાદ ચંદુલાલ શુક્લ, વડોદરા
(૪૫) સ્વ. દક્ષાબેન જયંતકુમાર પાઠક, કાલોલ
(૪૬) સ્વ. ગુણવંતીબેન વિશ્વામિત્ર અગ્નિહોત્રી, અમદાવાદ
(૪૭) સ્વ. સુધાબેન ચંદ્રકાન્ત ભટ્ટ, વડોદરા
(૪૮) સ્વ. રમાબેન (રંજનબેન) ઉદયશંકર ભટ્ટ, રાજકોટ
(૪૯) સ્વ. હીનાબેન મહેશભાઈ જોષી, વડોદરા
(૫૦) સ્વ. પુષ્પાબેન કાંતિલાલ પાઠક, અમદાવાદ
(૫૧) સ્વ. હરીશભાઈ બાલકૃષ્ણ ભટ્ટ, ગાંધીનગર

(૫૨) સ્વ. હંસાબેન ભાનુભાઈ દવે, અમદાવાદ
(૫૩) સ્વ. છેલશંકર લાભશંકર ભટ્ટ, જુનાગઢ
(૫૪) સ્વ. પિયુષભાઈ અનિરુદ્ધભાઈ પંડિત, અમદાવાદ
(૫૫) સ્વ.રંજનબેન ભરતભાઈ જોષી, માખાવડ (સૌરાષ્ટ્ર)
(૫૬) સ્વ. રમેશચંદ્ર પ્રાણશંકર કાકા, ખારોલ
(૫૭) સ્વ. ઉર્મિલાબેન રમણલાલ જોષી, શહેરા
(૫૮) સ્વ. અશોકભાઈ ફુલશંકર દવે, નડિયાદ
(૫૯) સ્વ. મહેશભાઈ પુરુષોત્તમદાસ ઉપાધ્યાય, સામરખા
(૬૦) સ્વ. સતીષચંદ્ર વિષ્ણુપ્રસાદ દવે, વડોદરા
(૬૧) સ્વ. જનકબેન પ્રભાકરભાઈ (રવુભાઈ) શુક્લ, દેવગઢબારીયા
(૬૨) સ્વ. ભગવતીબેન જયંતીલાલ જોષી, શહેરા
(૬૩) સ્વ. કનકલતા મહેશચંદ્ર વૈદ્ય, વડોદરા
(૬૪) સ્વ. અનસૂયાબેન કનૈયાલાલ પુરોહિત, વલ્લભ વિદ્યાનગર
(૬૫) સ્વ. રવિન્દ્રભાઈ નટવરલાલ શુક્લ, વડોદરા
(૬૬) સ્વ. દક્ષાબેન રાજેન્દ્રકુમાર પાઠક, વડોદરા
(૬૭) સ્વ. સ્વરા (ગોપી) હિરલબેન સંજયભાઈ ઉપાધ્યાય ની પુત્રી, બાયડ
(૬૮) સ્વ. જનાર્દનભાઈ ઘેલાભાઈ જોષી, રાજકોટ
(૬૯) સ્વ. મુકેશભાઈ અનંતપ્રસાદ ભટ્ટ, ગાંધીનગર
(૭૦) સ્વ. ભરતકુમાર ચંદ્રશંકર શુક્લ, વડોદરા
(૭૧) સ્વ. માર્કન્ડેયપ્રસાદ દવે, ઉદેપુર
(૭૨) સ્વ. અરુણકુમાર રેવાશંકર દવે, સુરત
(૭૩) સ્વ. રાકેશકુમાર ઠાકોરલાલ શુક્લ, વડોદરા
(૭૪) સ્વ. દક્ષાબેન ભાસ્કરકુમાર દવે, દાહોદ
(૭૫) સ્વ. પ્રજેષ કુલીનચંદ્ર પાઠક, મુંબઈ
(૭૬) સ્વ. કુમુદબેન વિનયકાંત શુક્લ, વડોદરા
(૭૭) સ્વ. કનૈયાલાલ ધનસુખરામ પાઠક, અમદાવાદ
(૭૮) સ્વ. સંગમ મધુકરભાઈ ધ્રુવ, યુએસએ
(૭૯) સ્વ.નલીનભાઈ મણીશંકરભાઈ જોષી, મોટી કુંકાવા

**દિવંગત થયેલ દિવ્યાત્માઓને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે એવી પ્રાર્થના.**
**ૐ શાંતિઃ ૐ શાંતિઃ ૐ શાંતિઃ**

શ્રીગૌડ જાગૃતિ મા આપ જે માહિતી અથવા સાહિત્ય પ્રકાશિત કરવા માંગતા હોવ તે સંપાદક ને પહોંચાડવા માટે આ QR Code સ્કેન કરી ને જે ગૂગલ ફોર્મ ખુલે તે ભરીને સબમિટ કરશો.

આ ગૂગલ ફોર્મ શ્રીગૌડ જાગૃતિ ના આગામી પ્રકાશિત થનારા અંક માં આપ કોઈપણ સમાચાર (લગ્ન, યજ્ઞોપવિત સંસ્કાર, ચૌલ સંસ્કાર, શ્રદ્ધાંજલિ સમાચાર, બઢતી અથવા સિદ્ધિ ના સમાચાર, વિશેષ ક્ષેત્ર માં મેળવેલ સિદ્ધિ , સન્માન, બહુમાન, ને લગતી માહિતી સમાજ ના મુખપત્ર માં પ્રકાશિત કરવા ઇચ્છતા હોવ તો આ ગૂગલે ફોર્મ ના માધ્યમ થી શ્રીગૌડ જાગૃતિ ના સંપાદક મંડળ ને મોકલી આપવા વિનંતી. આ ઉપરાંત આપ ની કોઈ સાહિત્યિક રચના / લેખ, કવિતા સામાજિક સંદેશ પ્રકાશિત કરવા માંગતા હોવ તો તે પણ આ ગૂગલ ફોર્મ સાથે મોકલી આપવા વિનંતી. પ્રસંગ ને અનુરૂપ ફોટોગ્રાફ અથવા કોઈ ડોક્યુમેન્ટ મોકલવા માંગતા હોવ તો તે પણ અટેચ કરી મોકલી શકો છો.

મળેલ સમાચાર અને લેખન ને મુખપત્ર માં સમાવવાની પૂરી કોશિષ કરવામાં આવશે આમ છતાં સંપાદક મંડળ ને મળેલ માહિતી ને પ્રકાશિત કરવા અંગેનો આખરી નિર્ણય તંત્રી મંડળ નો રહેશે.

જો કોઈ ડોક્યુમેન્ટ અથવા ફોટોગ્રાફ અથવા pdf સાથે વિગત આપવાની હોય તો ફાઈલ / ફોટોગ્રાફ અહીંયા અટેચ કરો (5 ફાઈલ અને 10 MB ટોટલ સાઈઝ - word, excel, drawing કે pdf અપલોડ કરી શકાશે.)

આપણા સમાજના ઉત્કર્ષ માટે અને સમાજના સભ્યો એકબીજા ની નજીક આવે અને સંગઠન ની ભવન વધુ મજબૂત બને તેવા ભાવ ને ગુણિત કરવામાં આપનું આ પ્રતિભાવ / યોગદાન અમૂલ્ય છે. સમાજ ના વિકાસ માટે આપ તત્પર રહો અને સમાજ ના પડખે ઉભા રહો તેવી શુભકામના સાથે આપનો ખુબ આભાર.

મળેલ સમાચાર અને લેખન ને મુખપત્ર માં સમાવવાની પૂરી કોશિષ કરવામાં આવશે આમ છતાં સંપાદક મંડળ ને મળેલ માહિતી ને પ્રકાશિત કરવા અંગેનો આખરી નિર્ણય તંત્રી મંડળ નો રહેશે.

સંપાદક મંડળ

| હેતલ શુક્લ | જયંત જોષી | ધ્રુવ શુક્લ |
|---|---|---|
| (૯૭૨૬૨૫૮૩૫૩) | (૯૬૦૧૯૯૫૫૬૭) | (૯૪૨૯૩૫૫૬૫૩) |

॥ શ્રી હરિ : ॥

# ભાવાંજલિ



જન્મ
૧૩-૦૫-૧૯૫૨
વૈશાખસુદ-૭





ગૌલોકવાસ
૦૭-૦૩-૨૦૧૯
ફાગણ સુદ-૧

## શાસ્ત્રી હેમલતાબેન મધુસૂદન (ઉમરેઠવાળા)

મનુષ્ય જીવનને સંસારમાં રહીને કંઈ રીતે સાર્થક કરી શકાય તેના ઉત્તમ ઉદાહરણ રૂપ શા્રી હેમલતાબેન મધુસૂદન (ઉમરેઠવાળા) ને ***દેહવિલયના પાંચમાં વર્ષના*** મંગળ દિવસે ધર્મ સેવા પરાયણ- સ્નેહાળ-મિલનસાર-સરળ-પરોપકારી સ્વભાવ દરેક કાર્યમાં ઉત્સાહથી ધર્મપત્નિ ના તથા આદર્શ માતાની પ્રેરણાદાયી ફરજ નિભાવનાર તરીકે સ્નેહીજનો યાદ કરે છે.

તેમણે સીંચેલા સંસ્કારોનું દર્શન દર વર્ષની જેમ આ વર્ષે પણ તેમના સુપુત્ર ડૉ.ભદ્રેશભાઈ દ્વારા અમદાવાદમાં એ.જે.ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત માતોશ્રી વૃધ્ધાશ્રમમાં જમણવાર-ગૌસેવા-ભિક્ષુકો-બાળકોમાં અલ્પાહાર વિતરણ-ભુદેવને વદાન- દક્ષિણા વગેરે તથા સુહાસિની બહેન ભાણેજ વગેરે ને સત્કાર. આ સત્કર્મોમાં તેમના ધર્મપત્નિ અ.સૌ. સેજલબેન તથા સુપુત્ર ચિ.દેવ સહકાર આપી સહભાગી થયા હતાં અને ગૌલોકવાસી હેમલતાબેનની શ્રાધ્ધ-પુણ્યતિથિને પ્રેરણાદાઈ બનાવી હતી.